# રિયલ એસ્ટેટ ઉદ્યોગનો બુલંદ અવાજ તરીકે ઓળખાતા ક્રેડાઈ- એમસીએચઆઈમાં નવા કારોબારીઓની જાહેરાત

*~ ક્રેડાઈ- એમસીએચઆઈના પ્રમુખ તરીકે મયુર શાહે સીએસઆર પહેલ ક્લીન મુંબઈ, ગ્રીન મુંબઈ અને સ્કિલ્ડ મુંબઈ આગળ ધપાવવાના સમ સાથે સૂત્રો સંભાળી લીધાં ~*

**મુંબઈ, 21મી જુલાઈ, 2017:** મહારાષ્ટ્રની સર્વોચ્ચ રિયલ એસ્ટેટ ઉદ્યોગ સંસ્થા ક્રેડાઈ- એમસીએચઆઈ દ્વારા નવા કારોબારીઓની જાહેરાત કરાઈ હતી. ખાસ કરીને શ્રી ધર્મેશ જૈને (નિર્મલ લાઈફસ્ટાઈલની પ્રમુખ) નવા ચૂંટાયેલા પ્રમુખ શ્રી મયુર શાહ (મેરેથોન રિયાલ્ટીના પ્રમુખ)ને સત્તાનાં સૂત્રો સોંપ્યાં હતાં. આ સમયે મહારેરાના ચેરમેન શ્રી ગૌતમ ચેટરજી, એમએમઆરડીએના મેટ્રોપોલિટન કમિશનર શ્રી યુ.પી.એસ. મદાન, મહાપાલિકાના કમિશનર શ્રી અજોય મહેતા, એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ્સ) ડો. સંજય મુખરજી, કમિશનરના ડીએમસી શ્રી રમેશ પવાર સહિત બેન્કિંગ અને ફાઈનાન્સ, કાનૂની અને સરકાર તરફથી અગ્રણી હસ્તીઓ હાજર હતી. આ સમારંભમાં ક્રેડાઈ- એમસીએચઆઈનો ધ્વજ લહેરાવાયો હતો. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની જરૂરતો માટે મુખ્ય હેતુ અધોરેખિત કરતો વિઝન મેનિફેસ્ટો પણ રજૂ કરવામાં આવ્યો હતો. ક્રેડાઈ- એમસીએચઆઈના નવા પ્રમુખ શ્રી મયુર શાહ પ્રોજેક્ટ્સને મંજૂરીઓ ઝડફી મળે, જમીનના ઊંચા દામ જોતાં વેપાર સુચારુતા સુધરે, પ્રોજેક્ટોની ડિલિવરી માટે ક્લીન, ગ્રીન અને સ્કિલ્ડ મુંબઈની સમાંતર ક્ષમતાઓ નિર્માણ થાય તેની ખાતરી રાખવા માટે પ્રક્રિયાઓનું વ્યવહારીકરણ કરવાનો સમાવેશ થાય છે.

વિઝન 2022 માટે મુખ્ય લક્ષ્યના ભાગરૂપ મેનેજિંગ કમિટીના સભ્યો આઈપીપીના શ્રી ધર્મેશ જૈન, પ્રેસિડેન્ટ ઈલેક્ટ શ્રી નયન શાહ, વાઈસ પ્રેસિડેન્ટ્સ શ્રી દીપક ગોરડિયા, શ્રી બોમન ઈરાણી, શ્રી હરીશ પટેલ, શ્રી નૈનેશ શાહ, સેક્રેટરી શ્રી ડોમનિક રોમેલ, ખજાનચી શ્રી સુખરાજ નાહર અને અન્ય ઘણા બધા વર્તમાન સભ્ય ડેવલપરોએ વિઝન 2022 માટે શપથ લીધા હતા, જેનું લક્ષ્ય બિલ્ડિંગની સોસાયટીના સ્તરે 10 લાખ કિલો કચરાના વ્યવસ્થાપન સાથે ક્લીન મુંબઈ, ભાવિ 1000 પ્રોજેક્ટોમાં 1 લાખ ઝાડ વાવીને ગ્રીન મુંબઈ અને મુંબઈ એમએમઆરમાં બાંધકામ સ્થળે 1 લાખ શ્રમિકોને તાલીમ આપીને સ્કિલ્ડ મુંબઈનું લક્ષ્ય સાધ્ય કરવાનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમની મુખ્ય રૂપરેખામાં શહેરના ઉદ્ધારમાં યોગદાન આપનાર મુંબઈના અસલી હીરોનું સન્માન કરાયું હતું, જેમાં લેટ્સ ગ્રીન ફાઉન્ડેશનના શ્રી શુભજિત મુખરજી, વર્સોવા બીચ ક્લીન અપ લેનાર શ્રી અફરોઝ શાહ, કુશળતા વિકાસમાં યોગદાન આપનાર આરએજીસીના શ્રી પર્સી ચૌધરીનો સમાવેશ થતો હતો. ઉદ્યોગની સંસ્થા તરીકે ક્રેડાઈ- એમસીએચઆઈ આગામી બે વર્ષમાં મુંબઈ અને એમએમઆરમાં હાઉસિંગની જરૂરતો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પરિપૂર્ણ કરવા માટે કામ કરશે. આ વિઝન સાથે એકંદર વૃદ્ધિ અને વિકાસ માટે એમએમઆરમાં 1800 ડેવલપરોને જોડવામાં આવશે.

મહાપાલિકાના કમિશનર આઈએએસ અધિકારી શ્રી અજોય મહેતાએ જણાવ્યું હતું કે 2015માં નવી સરકાર સત્તામાં આવી, શ્રી ધર્મેશ જૈને અખત્યાર સંભાળ્યો અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના આરંભની ખાતરી રાખવા માટે તેમણે પ્રયાસ શરૂ કર્યા. જોકે હવે 2017માં રેરા કાયદો પડકારો અને તકો સાથે આવ્યો છે ત્યારે શ્રી મયુર શાહ પાસે ઘણી બધી અપેક્ષાઓ છે અને અમારી સરકાર તરફથી અમે તેમને સંપૂર્ણ ટેકો આપીશું.

આ કાર્યક્રમમાં બોલતાં ક્રેડાઈ- એમસીએચઆઈના પ્રેસિડેન્ટ શ્રી મયુર શાહે જણાવ્યું હતું કે રિયલ એસ્ટેટ ઉદ્યોગને પ્રભાવિત કરતા પડકારોને તકોમાં ફેરાવવાની અમને આશા છે. મારા સેવાકાળમાં મુખ્યત્વે કરો, પ્રીમિયમનું વ્યવહારીકરણ કરીને એમએમઆરમાં વેપાર  સુચારુતા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરીને ઓનલાઈન મંજૂરીઓ, સભ્યો દ્વારા પ્રોજેક્ટોની ડિલિવરી ઝડપથી આપવામાં આવે, ઉત્તમ વ્યવહારો તેમની અંદર કેળવાય અને રેરા, જીએસટી અને ડીસીઆર નિયમો જેવા ભાવિ પરિવર્તનો માટે સભ્યો તૈયાર થઈને વેપાર કરવાનું વધુ આસાન  બને તેની ખાતરી રાખીશ.

**વર્ષ માટે પહેલો:**

1. ક્લીન મુંબઈ: ડસ્ટબિન્સમાં શૂન્ય કચરાનું લક્ષ્ય રાખતી કાર્યક્ષમ કચરા વ્યવસ્થાપન પ્રણાલી.
2. ગ્રીન મુંબઈ: રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને વોટર રિસાઈકલિંગ, સોલાર અને પવન ઊર્જાના ઉપયોગની ખાતરી.
3. સ્કિલ્ડ મુંબઈ: એનએસડીસી સાથે ભાગીદારીમાં શ્રમિકોની રોજગારક્ષમતા વધારવા સાઈટ પર ટ્રેનિંગ પ્રોગ્રામ.

**વિદાય લેતાં ક્રેડાઈ- એમસીએચઆઈના પ્રમુખ શ્રી ધર્મેશ જૈને** જણાવ્યું હતું કે ક્રેડાઈ- એમસીએચઆઈ મુંબઈ અને એમએમઆરમાં 80 ટકા સંગઠિત વિકાસ માટે જવાબદાર 1800થી વધુ સભ્યો સાથે ડેવલપરોની શક્તિશાળી સંસ્થા તરીકે ઊભરી આવી છે. લગભગ બે વર્ષમાં મહારાષ્ટ્ર સરકાર સાથે અમારો સહભાગ પૂરતો વધ્યો છે અને અમે રિયલ એસ્ટેટ ઉદ્યોગની તરફેણમાં ઘણા બધા મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. રેરાની અમલબજાવણી દરમિયાન અમે સરકારને સંપૂર્ણ ટેકો આપ્યો હતો, જેનું લક્ષ્ય રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે હકારાત્મક પરિણામો લાવવાનું છે.